# EDII સંસ્થા નિર્માણના 40 વર્ષ પૂર્ણ:ચાર દાયકાની સફરને પુસ્તક અને ફિલ્મ રુપે પણ રજૂ કરી, વિદ્યાર્થીઓને ઉદ્યોગસાહસિકતા પર અભ્યાસક્રમો ઓફર કરે છે સંસ્થા

Divya Bhaskar | અમદાવાદ | April 20, 2023 |

==============================================================

એક સીમાચિહ્નરૂપ ક્ષણમાં આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાએ સંસ્થાના કેમ્પસમાં ગુરુવાર, 20 એપ્રિલના રોજ ઉદ્યોગસાહસિકતા શિક્ષણ, તાલીમ, સંશોધન અને સંસ્થાના નિર્માણના ચાર દાયકાની ઉજવણી કરી. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત મુખ્ય અતિથિપદે હતા. આ અગ્રણી સંસ્થાની સ્થાપના 1983માં આઈડીબીઆઈ બેંક, આઈએફસીઆઈ, આઈસીઆઈસીઆઈ બેંક અને સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા (એસબીઆઇ) અને ગુજરાત સરકારના સમર્થનથી કરવામાં આવી હતી.

## શૈક્ષણિક ક્ષેત્રના મહાનુભાવોની હાજરીમાં ઊજવણી

ઇવેન્ટનું ઉદ્ઘાટન રાકેશ શર્મા, પ્રમુખ- ઈડીઆઈઆઈ અને MD તથા CEO, આઈડીબીઆઈ બેંક લિમિટેડ, ડૉ. મિલિંદ કાંબલે, ઈડીઆઈઆઈ ગવર્નિંગ બોર્ડના સભ્ય, અધ્યક્ષ, 40-વર્ષની ઉજવણી સમિતિ અને સ્થાપક અધ્યક્ષ, ડીઆઈસીસીઆઈ, ડૉ. શૈલેન્દ્ર નારાયણ, ઈડીઆઈઆઈ ગવર્નિંગ બોર્ડના સભ્ય અને ભૂતપૂર્વ અધ્યક્ષ અને મેનેજિંગ ડિરેક્ટર, સીડબી, ડો. સુનિલ શુક્લા, ડાયરેક્ટર જનરલ-ઈડીઆઈઆઈ અને સરકાર, કોર્પોરેટ અને શૈક્ષણિક ક્ષેત્રના મહાનુભાવોની ઉપસ્થિતિમાં થયું હતું.

## ઈડીઆઈઆઈ જેવા પ્લેટફોર્મ ભારતને પ્રગતિશીલ બનાવશે

આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, 'ડિગ્રીનો અર્થ કૌશલ્ય અને યોગ્યતા નથી. ભારતમાં 60 ટકા યુવાનો પાસે ડિગ્રી છે પરંતુ, આનાથી તેઓ બજારની માગને પહોંચી વળવા સક્ષમ નથી. યુનિવર્સિટીઓ અને કોલેજો જે ડિગ્રીઓ આપે છે અને માર્કેટમાં જે કૌશલ્યની જરૂરિયાત છે તેની વચ્ચે મોટો તફાવત છે પરંતુ, તેનો અર્થ એ નથી કે યુવાનો સર્જનાત્મક નથી. જો તેમને માર્ગદર્શન, સલાહ, પ્રશિક્ષણ, સહયોગ આપવામાં આવે તો તેઓ ખીલી શકે છે. તેમને નવીનતાઓ અને ટેક્નોલોજીકલ પ્રગતિ સાથે સંરેખિત કરવાની જરૂર છે જેથી તેઓ મજબૂત પ્રદર્શન કરી શકે. આ પ્રકારનું પ્લેટફોર્મ, જેની નવી શિક્ષણ નીતિ પણ પરિકલ્પના કરે છે, તે ભારતને પ્રગતિશીલ બનાવશે કારણ કે તેમાં કામ કરતી યુવા વસ્તીનો પણ ફાયદો છે. મને ખુશી છે કે, અમારી પાસે ઈડીઆઈઆઈ જેવી સંસ્થાઓ છે, જે તાલીમ અને પ્રેરણા દ્વારા આ દિશામાં પ્રયત્નોને પૂરક બનાવી રહી છે. હું ઈડીઆઈઆઈને શુભેચ્છાઓ પાઠવું છું.'

## દર વર્ષે ઈડીઆઈઆઈના વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો

ભારતમાં મજબૂત સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ પર ટિપ્પણી કરતા રાકેશ શર્માએ કહ્યું, 'અમે ઉદ્યોગસાહસિકતામાં વધતા વિશ્વાસ, વિદ્યાર્થીઓની નોકરી-શોધવાની માનસિકતામાંથી મુક્ત થવાની, નવીનતાથી વિચારવાની અને ટકાઉ સ્ટાર્ટઅપ્સ ઊભા કરવાની ઇચ્છા જોઈ રહ્યા છીએ. દર વર્ષે અમે ઈડીઆઈઆઈના પીજી અને અન્ય કાર્યક્રમો માટે નોંધણી કરાવનારા લોકોની સંખ્યામાં વધારો જોઈ રહ્યા છીએ. અન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીઓએ પણ આજે ઉદ્યોગસાહસિકતા પર અભ્યાસક્રમો ઓફર કરવાનું શરૂ કર્યું છે અને તે ઉદ્યોગસાહસિકતાને સભાન કારકિર્દી વિકલ્પ બનાવવા માટે ઈડીઆઈઆઈના યોગદાનની મુક્તકંઠે પ્રશંસા કરે છે.'

## ઉદ્યોગસાહસિકતા લોકોને આગળ વધવાની તક આપે છે

સર્વસમાવેશક વૃદ્ધિના મહત્વ પર ભાર મૂકતા ડૉ. મિલિંદ કાંબલેએ જણાવ્યું હતું કે, 'ઉદ્યોગ સાહસિકતા સમાવેશી વૃદ્ધિને પ્રોત્સાહન આપવામાં મદદ કરે છે જે ભારતની જરૂરિયાત છે. સફળ ઉદ્યોગસાહસિકતાનો અર્થ હંમેશા મોટા ઉદ્યોગો અથવા નગરો અને શહેરોમાં ઉત્પાદન એકમો નથી હોતો, તેનો અર્થ ભારતના ગામડાંમાં રહેતા લોકો, હાંસિયામાં ધકેલાઇ ગયેલા લોકો, દિવ્યાંગો અને મહિલાઓ માટે તકો પણ છે. જો આમ થશે તો જ દેશ પ્રગતિ કરી શકે છે. ઉદ્યોગસાહસિકતા લોકોને વૃદ્ધિમાં સામેલ કરવાની તક આપે છે. ઈડીઆઈઆઈ એ તેના હસ્તક્ષેપ દ્વારા આ દર્શાવ્યું છે.'

## 'મેડ ઈન ઈન્ડિયા' ટેગને જોઈને સારું લાગે છે

પોતાના સંબોધનમાં ડૉ. સુનિલ શુક્લાએ જણાવ્યું હતું કે, 'ઉદ્યોગસાહસિકતા શીખવી શકાતી નથી એવી દહેશત સેવાતી હતી તેવા સમયે ઈડીઆઈઆઈની સ્થાપના કરવામાં આવી હતી. 40 વર્ષ પછી જ્યારે આપણે ગુણવત્તા, વિશ્વસનીયતા અને સ્પર્ધાત્મકતા માટે મૂલ્યવાન, વધુને વધુ આદરણીય બ્રાન્ડ બનેલા 'મેડ ઈન ઈન્ડિયા' ટેગને જોઈએ છીએ, ત્યારે તે ખૂબ સારું લાગે છે. ઈડીઆઈઆઈ એ ભારતીય ઉદ્યોગસાહસિકોને અત્યાર સુધી ઉચ્ચ શિખર સુધી લાવવામાં ભૂમિકા ભજવી છે. ઉદ્યોગસાહસિકતાને જે મહત્વ પ્રાપ્ત થયું છે અને સરકાર ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા પર જે ભાર મૂકી રહી છે તે જોતાં, તે દિવસ દૂર નથી જ્યારે ભારતને અગ્રણી ઉદ્યોગસાહસિક અને સ્ટાર્ટઅપ ડેસ્ટિનેશનમાંના એક તરીકે ઓળખવામાં આવશે.'

## 40-વર્ષની સફરનું દસ્તાવેજીકરણ કરતું પુસ્તક અને ફિલ્મ

ઉજવણીના ભાગરૂપે સંસ્થાએ તેની 40-વર્ષની સફરનું દસ્તાવેજીકરણ કરતું પુસ્તક અને ઈડીઆઈઆઈના કાર્યના વિવિધ ક્ષેત્રો અને તેની સિદ્ધિઓને પ્રકાશિત કરતી એક ફિલ્મ રજૂ કરી હતી. ઉપસ્થિત મહાનુભાવોએ ઈડીઆઈઆઈ દ્વારા પ્રશિક્ષિત કારીગરો, ઇન્ક્યુબેટીઝ અને દિવ્યાંગોના પ્રદર્શનનું પણ ઉદ્ઘાટન કર્યું.

https://divya-b.in/5lupjt4q9yb